દમણગંગા ટાઇમ્સ

Vapi 6 March, 2020

## શ્રીમદ રાજચંદ્ર એનિમલ ર્નસિંગ હોમની સેવા

# ધરમપુરમાં ત્રણ શ્વાનોને સારવાર આપી જીવંતદાન આપ્યું



**ધરમપુર, તા.૫ :** ધરમપુરમાં સવારે ચાર શ્વાનની અચાનક ગંભીર થયેલી હાલતની મળેલી ટેલિફોનિક માહિતીને લઇ સ્થળ ઉપર દોડી ગયેલી શ્રીમદ રાજચંદ્ર એનિમલ ર્નસિંગ હોમૅની ટીમે તાત્કાલિક સારવાર આપી ત્રણનો જીવ બચાવ્યો હતો. જયારે એકનું સ્થળ ઉપર મોત થયું હતુ. બારોલીયા સ્થિત શ્રીમદ રાજચંદ્ર એનિમલ ર્નસિંગ હોમના વેટરનરી તબીબ ડૉ. પ્રદીપ મેર અને ટીમે આપેલી અદ્યતન સારવારને લઈ શ્વાનોની હાલત સ્થિર થઈ હતી. ડો. પ્રદીપ મેરના જણાવ્યા મુજબ શ્વાનોએ કોઈ ઝેરી પદાર્થ ખાઈ લીધા હોવાની શક્યતાને લઈ તેઓને તકલીફ થઈ હતી. અને હાલ ત્રણે શ્વાનને જીવ મૈત્રીધામમાં સારવાર માટે રાખી સારસંભાળ લેવામાં આવી રહી છે. ધરમપુરમાં ડૉ. પ્રદીપ મેર

(અનુ. પેજ નં.૭ પર)

**પાના નં.૮નું ચાલુ.....**

**ધરમપુરમાં ત્રણ .....**સાથે જીવદયા પ્રેમી પ્રભાકર યાદવ સહિત અન્ય યુવાનોએ ત્રણે શ્વાનોને ચિકિત્સાલય સુધી લઈ જવામાં મદદ કરી સારવાર દરમ્યાન સાથે રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમમાં અબોલ પશુઓને આધુનિક સારવાર આપી નવ જીવન આપવાની સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. પ્રસ્તુત નર્સિંગ હોમમાં નિષ્ઠાવાન વેટરનરી ડોક્ટરો, અન્ય સ્ટાફ ઉપરાંત નાના તથા મોટા પ્રાણીઓ માટેનાં ઓપરેશન થિયેટર, હાઈડ્રોલિક ટેબલ, સોનોગ્રાફી, એક્સ રે, પેથોલોજી લેબ અને અન્ય અદ્યતન સારવાર ઉપલબ્ધ છે. પશુ પંખીઓની તબીબી સારવારમાં તેઓ ખૂબ સુંદર કાર્ય કરી રહ્યા છે.